



# માઉન્ટ આબુમાં વરસાદ વરસતા પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી

રાજસ્થાનના કાશ્મીર ગણાતા માઉન્ટઆબુ પહાડી વિસ્તારમાં આવેલું પ્રખ્યાત હિલ સ્ટેશન છે, ચારે બાજુ પહાડોમા આવેલા આબુમા પાછલા કેટલાય દિવસોથી મેઘરાજાએ મહેર કરતા માઉન્ટઆબુનું કુદરતી વાતાવરણમા ઠંડકની બહાર જોવા મળી રહી છે. આજે માઉન્ટઆબુના વિવિધ વિસ્તારો પણ કુદરતની સોળે શણગાર સજી લોકોને પોતાની તરફ આકર્ષી રહ્યા છે. આ મોસમમા લોકો માઉન્ટઆબુની મુલાકાત લઈ રહ્યા છે, સાથે નક્કી તળાવ પાસે પહાડો પર વહેતા પાણીમાં જઈ ચોમાસાની મજા માણી રહ્યા છે. રાજસ્થાનના કાશ્મીર ગણાતા માઉન્ટ આબુમાં છેલ્લા ૩૨ કલાકમાં ૨૪૪ મિલીમીટર કરતા વધારે વરસાદ વરસતા આબુના વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. અરવલ્લીના પહાડોમા આવેલા માઉન્ટ આબુનું કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠી હતી. નદી-નાળા વરસાદથી ઉભરાતા જોવા મળ્યા હતા સાથે ભાડુમાં પહાડોમાં ઝરણા પણ વહેતા થયા હતા, આ સાથે નક્કી તળાવમાં ત્રણ ફૂટ સુધીની સપાટી વધવા પામી હતી. અત્યાર સુધી માઉન્ટ આબુમાં ૨૭ ઈંચ જેટલો વરસાદ વરસી ચૂક્યો છે જે ગત વર્ષની સરખામણીએ બરાબર છે.

## ડીસા તાલુકામાંથી ૫૦ હાજીઓ મક્કા મદીના શરીફ હજ પઢવા જતા ખુશીનો માહોલ

ડીસા, તા. ૩

મુસ્લિમોમાં એકવાર હજ કરવા જવું જોઈએ પરંતુ અલ્લાહ તરફથી બુલાવો આવે તે જ મક્કા મદીના શરીફ હાજરી આપી શકે છે. દર વર્ષની જેમ આ વર્ષે ડીસા તાલુકામાંથી ૫૦થી વધુ હાજીઓ હજ પઢવા જતા તેમના પરિવારજનોમાં આનંદની લાગણી ફેલાઈ હતી અને હાજીઓને મુકવા માટે મોટી સંખ્યામાં લોકો વાહનો લઈને અમદાવાદ એરપોર્ટ મુકવા ગયા હતા.



જેમાં ગતરોજ ડીસા બડાપુરા વિસ્તારમાં રહેતા અને માજી રજીસ્ટર્ડ પ્રિન્સીપલ સિવિલ કોર્ટ ડીસાથી નિવૃત થયેલ શેખ ફકીરમોહમદ અને તેમના પત્ની શેનાજબેન ગત રોજ ડીસા રાજપુરથી હજ પઢવા જતા લોકોએ તેમને મુબારક બાદી પાઠવી અને ભેટ સોંગદો અર્પણ કરી હતી. આ પ્રસંગે સરકારી કર્મચારીઓએ તેમને મુબારક બાદી પાઠવી હતી અને તેમને એરપોર્ટ અમદાવાદ મુકવા માટે મોટી સંખ્યામાં તેમના સગા સબધીઓ તેમજ મિત્રવર્તુળ મોટી સંખ્યામાં ગયા હતા. જીવનમાં અલ્લાહે માલ આપ્યો હોય તો એકવાર જરૂર મક્કા શરીફ તથા મદીના શરીફહજ પઢવા જવું જોઈએ તે ઉક્તિને સાર્થક કરીને લોકો મોટી સંખ્યામાં આ વર્ષે હજ યાત્રાએ ગયા હતા.

## મુખ્યમંત્રીના આગમન ટાણે જુનાડીસાના પછાત નવાપુરા વિસ્તારમાં અંધારપટ છવાયો

ડીસા

ડીસા તાલુકાના સૌથી મોટા જુનાડીસા ગામે જૈન શ્રેષ્ઠીઓની ઉદાર દેણગીથી આકાર પામનાર કોલેજના ભૂમિપૂજન પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પધારનાર છે જેને લઈ ગ્રામજનોમાં ઉત્સાહ છવાયો છે પરંતુ સ્થાનિક પંચાયત અને તંત્રની ઉદાસીનતા ચર્ચાના ચગડોળે ચડી છે કારણ ગામના ઈતિહાસમાં કદાચ પ્રથમવાર કોઈ મુખ્યમંત્રીની પાવન પધરામણી થઈ રહી છે તેમછતાં અણઘડ આયોજન અને સંકલનના અભાવે આજે પણ ગામમાં ઠેરઠેર ગંદકીના ઢગલા જોવા મળી રહયા છે નવો બનેલ રોડ પણ ઠેકઠેકાણેથી તૂટી ગયો છે રખડતા ઢોર બેકાબુ બની ગયા છે ગંદુ પાણી જાહેર રોડ ઉપર રેલાય છે અધૂરામાં પૂરું, વગર વરસાદે ગામના મુખ્યત્વે શ્રમજીવી વસવાટ ધરાવતા નવાપુરા વિસ્તારમાં ગત શુક્રવારે સાંજે ૭ કલાકે અચાનક વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો તપાસ કરતા વીજ ડીપીનો જીવંત વાયર તૂટી ગયો હતો સદનસીબે જાનહાની ટળી ગઈ હતી પરંતુ બેપરવા હેલ્પરો ગાયબ જણાયા હતા તેથી ઉત્તર ગુજરાત વીજ કમ્પનીના ડીસા ગ્રામ્ય સબ ડિવિઝનનો માંડ સમ્પર્ક થતા ટિમ આવી હતી પણ હેલ્પરોના અભાવે ટીમ ફોલ્ટ શોધી શકી નહતી અને આખરે ડીપી બળી ગયાનું જણાયું હતું તેથી લોકોને ભયંકર બફારો અને અસહ્ય ગરમીમાં મટકું માર્યા વગર રાત વિતાવવાનો વારો આવ્યો હતો તેમાં બીમાર અને બાળકોની હાલત દયનિય બની જવા પામી હતી તેમછતાં બીજા દિવસે પણ ગોકળગાયની ગતિએ કામ થતા લોકોનો આક્રોશ ચરમસીમા વટાવી ગયો હતો.

આ બાબતે લોકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે અમો લાઈટ બિલ નિયમિત ભરીએ છીએ છતાં વીજ કમ્પનીના પાપે અમારે ગરમીમાં શેકાવાનો વારો આવ્યો છે ૨૪ કલાક ઉપરાંતનો સમય વીતવા છતાં વીજળી ગુલ છે છતાં ચૂંટણી ટાણે ભીખ માંગતા પ્રજાના પ્રતિનિધિઓ ફરકયા પણ નથી તેવો વસવસો વ્યક્ત કરી પછાત વિસ્તારમાં ઈરાદાપૂર્વક લાપરવાહી કરાતી હોવાના ગંભીર આક્ષેપો પણ કર્યા હતા.

મુખ્યમંત્રીના આગમન ટાણે પણ તંત્રની ઘોર ઉદાસીનતાને લઈ ગામના હિતેચ્છુઓની લાગણી પણ ઘવાય છે તેને ગંભીરતાથી લઈ જિલ્લા કલેકટર સત્વરે ઘટતાં પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.



## વડગામનો મુક્તેશ્વર ડેમ ખાલી ખમ

બનાસકાંઠાના સીપુ, દાંતીવાડા ડેમમાં ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે ડેમમા નવા પાણીની આવક થવા પામી છે પરંતુ વડગામ તાલુકામા આવેલો મુક્તેશ્વર ડેમ ભર ચોમાસામાં હજુ ખાલી ખમ રહેવા પામ્યો છે. જેને લઈ ખેડૂતોમાં પણ ચિન્તાનો વિષય બનવા પામ્યો છે. અંબાજી દાંતા સહીત ઉપર વાસમાં વરસાદ પડે તો જ મુક્તેશ્વર ડેમમાં પાણીની આવક થાય તેવું ડેમના સુત્રોનું કહેવું છે. બનાસકાંઠામાં મુખ્યત્વે ત્રણ મોટા ડેમ આવેલા છે. સીપુ, દાંતીવાડા અને મુક્તેશ્વર છે. જેમાં હમણાં રાજસ્થાનના ઉપર વાસમાં ભારે વરસાદ પડવાથી સીપુ અને દાંતીવાડા ડેમમાં નવા નીર આવ્યા છે. પણ પાલનપુર, દાંતા અને વડગામ તાલુકામા નહિવત વરસાદ પડવાથી મુક્તેશ્વર ડેમ હજુ ખાલી ખમ છે અને ખેડૂતો પણ વરસાદની રાહ જોઈને બેઠા છે. આમ જોવા જઈએ તો મુક્તેશ્વર ડેમમાં પાણી ભરાતાં સિંચાઈ માટે વડગામ અને ખેરાલુ તાલુકાના ગામોને સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે અને છેલ્લા બે વર્ષથી વરસાદ ન હોવાથી ડેમ ખાલી ખમ પડ્યો છે. બીજી બાજુ તાલુકાના આગેવાનો, લોકો, ખેડૂતો અને લોકોએ વારંવાર સરકારને મુક્તેશ્વરમાં નર્મદાનું પાણી નાખવા માટે લેખિત અને મૌખીક રજૂઆત કરી છે પણ સરકાર કોઈનું કંઈજ સાંભળતી નથી. તો ચાલુ ચોમાસામાં મુક્તેશ્વર ડેમમાં પાણીની આવક હજુ થવા પામી જ નથી. ત્યારે ખેડૂતો અંબાજી દાંતા સહીત ઉપર વાસમાં વરસાદ પડે અને ડેમ ભરાય તેવી મીટ માંડીને બેઠા છે. સરકાર દ્વારા નર્મદાના પાણીથી ડેમ ભરવામાં આવે તેવી માંગ તાલુકાના લોકોમાં ઉઠવા પામી છે.

## શ્રી કાંઠા જિલ્લા મોદી સમાજના હોદેદારોની ચૂંટણીમાં સોનલબેન મોદી વિજય

પ્રાંતિજ, તા. ૩

શ્રી કાંઠા જિલ્લા મોદી સમાજની કારોબારીની બેઠક પેથાપુર મુકામે યોજાઈ હતી જેમાં નવીન હોદેદારોની ચૂંટણી યોજાઈ હતી.



શ્રી કાંઠા જિલ્લા મોદી સમાજ દ્વારા પ્રતિવર્ષ હોદેદારોની ચૂંટણી કરવામાં આવી હતી જે અંતર્ગત મોઢેશ્વરી ભવન પેથાપુર મુકામે સમાજ સંકુલમાં મળેલ બેઠકમાં વર્ષ ૨૦૧૯થી વર્ષ ૨૦૨૦ના હોદેદારોની નિયુક્તિ મતદાન પ્રક્રિયા દ્વારા કરવામાં આવી હતી. જેમાં ચૂંટણીના મતદાન પ્રક્રિયા બાદ શ્રી કાંઠા જિલ્લા મોદી સમાજના પ્રમુખ તરીકે કીરીટકુમાર ગીરધરલાલ મોદી, અમદાવાદ ઉપપ્રમુખ તરીકે મયુરભાઈ પી. મોદી વિસનગર, મંત્રી તરીકે શૈલષભાઈ મોદી-કુકરવાડા, સહમંત્રી તરીકે કનૈયાલાલ ગોપાલદાસ મહેસાણા, ઓડીટર તરીકે સોનલબેન પંકજભાઈ મોદી પ્રાંતિજ, મેનેજીંગ સ્ટ્રટી મુકેશભાઈ ફુલચંદ મોદી મહેસાણા તેમજ સંકુલ મેનેજીંગ ટ્રસ્ટી તરીકે દિનેશભાઈ નારણદાસ છાબડા નીમણૂક થઈ હતી. કારોબારી દ્વારા નવા નિમણુંક થયેલા હોદેદારોનુ સન્માન કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ વિભાગમાંથી સમસ્ત શ્રી કાઠા જિલ્લા મોદી સમાજમાં પહેલીજવાર મહિલા સભ્યની નિયુક્તિ થતાં પ્રાંતિજ ખાતે રહેતા મોદી સમાજે ગૌરવ અનુભવીને સોનલબેન મોદીને અભિનંદન પાઠવ્યા હતા. સોનલબેન મોદી સાબરકાંઠા જિલ્લાના ભારતીય જનતા પાર્ટી તેમજ પ્રાંતિજ નગરપાલિકામાં પણ સેવાઓ આપીને સમસ્ત મોદી સમાજનું ગૌરવ વધાયુ છે.



## ભિલોડા મામલતદાર કચેરીમાં સાપ ઘુસતાં અફડાતફડી

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ભિલોડા મામલતદાર કચેરીમાં સાપ ઘુસતાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. અધિકારીઅઓ, અરજદારોએ દોડાદોડ કરી મુકી હતી.મામલતદાર કચેરીના જવાબદાર અધિકારીએ સાપ પકડાર મદારીને બોલાવી સાપ પકડાવ્યો હતો. મદારીએ સહી સલામત રીતે સાપને પકડીને સલામત જગ્યાએ છોડી દીધો હતો. મામલતદાર કચેરીમાં સાપ ઘુસ્યો હોવાના કારણે કર્મચારીઓમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

## પ્રાંતિજમાં ચૂડવેલનો ત્રાસ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાનીભાગોળ વિસ્તારમાં આવેલ ગૌવરીચોક ખાતે છેલ્લા ત્રણ દિવસથી ચૂડવેલ નામની જીવાતોનો ત્રાસ વધતા રહીશો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. રહીશોને ઘરોમાં રહેવું પણ હાલ તો મુશ્કેલ બન્યું છે. તંત્ર દ્વારા દવાનો છંટકાવ કરવામાં આવે તેવી માગ ઉઠવા પામી છે. પ્રાંતિજ નાનીભાગોળ વેરાઈમાતા મંદિર પાસે આવેલ ગૌવરીચોક ખાતે કિડીયાળાની જેમ ચૂડવેલોનો ઉપદ્રવ વધતાં આ વિસ્તારના રહીશો તોબા-તોબા પોકારી ઉઠયા છે અને ઘરોની અંદર



પાણીના રેલાની જેમ દિવસ દરમ્યાન અનેકવાર ઘુસી જતાં મહિલાઓ દ્વારા જાડું મારતા નજરે પડે છે. રસોડા સુધી પહોચી જતાં રસોઈ કે ઘરકામ સહિતના કામોમાં મહિલાઓને મુશ્કેલીઓ પડે છે. રહીશો ચૂડવેલોને તગાડા ભરી ભરીને ઘરોમાંથી બહાર ફેકે છે પણ ચૂડવેલો ઓછી થવાનું નામ નથી લેતી. જયાં જુઓ ત્યાં મકાનોમાં દિવાલો ઉપર ઓસરીમાં ઘરોમાં કે છેક ત્રણ ત્રણ માળના મકાનો ઉપર ચૂડવેલો જોવા મળે છે ત્યારે હાલ તો ચૂડવેલોને લઈને રહીશો તોબા તોબા પોકારી ઉઠ્યા છે. તંત્ર દ્વારા દવાનો છંટકાવ કરવામાં આવે તેવી માગ ઉઠવા પામી છે.

# હિંમતનગર, પ્રાંતિજ, ઈડર, વડાલીમાં જોરદાર વરસાદ

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લામાં વરસાદે બે દિવસના વિરામ બાદ શનિવારે બપોર પછી ગાજવીજ અને પવન સાથે વરસાદે એન્ટ્રી કરતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. વરસાદને લીધે હિંમતનગર સહીત પ્રાંતિજ, ઈડર, વડાલી સહીતના અન્ય સ્થળે વરસાદે કરેલા આગમન બાદ ખેડૂતો આનંદના હિલોળે ચઢ્યા હતા.

ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતને મેઘરાજાએ ઘમરોળી રહ્યા છે ત્યારે તેની સરખામણીમાં સાબરકાંઠામાં વરસાદ ખુબજ નહીવત પડી રહ્યો છે ત્યારે બે દિવસ અગાઉ સાર્વત્રિક વરસાદ થતા ખેતીને જીવતદાન મળી ગયુ હતુ. તો બીજી તરફ બે દિવસના વિરામ બાદ શનિવારે બપોર પછી જિલ્લામાં સૌ પ્રથમ ઈડર પંથકમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરીને વાતાવરણને ઠંડુગાર બનાવી દીધુ હતુ. વરસાદને કારણે ઈડર તથા વડાલી પંથકમાં કપાસ તથા મગફળીના ખેતરોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.

ત્યારબાદ પાંચ વાગ્યાના સુમારે હિંમતનગર, ગાંભોઈ, રાયગઢ સહીત સુરજપુરા અને હડીયોલ ગઢોડામાં પણ પવન સાથે વરસાદ શરૂ થયો હતો. ઉપરાંત સાડા પાંચ વાગ્યાના સુમારે પ્રાંતિજ અને તલોદ પંથકમાં ગાજવીજ સાથે મેઘરાજાએ આગમન થતા વાતાવરણ ખુશનુમા બની ગયુ હતુ. જેના લીધે પ્રાંતિજ, તલોદ અને હિંમતનગર પંથકમાં ડાંગર પકવતા ખેડૂતો આનંદના હિલોળે ચઢી ગયા હતા.




# અરવલ્લી જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

ગુજરાતમાં હાલ ચારેબાજુથી મેઘરાજા દે ધનાધન કરી રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં હવામાન વિભાગની ત્રણ દિવસની ભારે થી અતિભારે વરસાદની આગાહી વચ્ચે વરસાદી ઝાપટા અને ઝરમર ઝરમર વરસાદ પડતા હવામાન વિભાગની આગાહી ખોટી પડી હતી. અરવલ્લી જીલ્લામાં મેઘરાજા રિસાયા હોય તેવો ઘાટ સર્જાયો છે. શનિવારે સાંજના સુમારે જિલ્લાના આકાશે કાળા ડિબાંગ વાદળો ધસી આવી ધોધમાર વરસાદ થતા ખેડૂતો અને પ્રજાજનોમાં આનંદ છવાયો હતો. મોડાસા સહીત શામળાજી, ભિલોડા, મેઘરજ, ટીંટોઈ પંથકમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસવાનું શરુ થતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી પાણી થઈ ગયા હતા. સુપ્રસિદ્ધ શામળાજી મંદિર જવાના માર્ગ પર પાણી ફરી વળતા યાત્રાળુઓને અવર-જવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ખેતરોમાં પાણી ભરાયા હતા નદી-નાળામાં નવા નીર આવતા લોકો જોવા ઉમટ્યા હતા.